રાત્રિના સમયે મોટા અકસ્માતની ભીતિ વચ્ચે સ્થાનિકો ભયના ઓથાર હેઠળ

ખોડીયારનગરમાં મુખ્ય માર્ગ પર જ 4 ફૂટનો ભૂવો

રહીશોએ બેરિકેડના અભાવે પથ્થરો મૂકી લોકોને સાવચેત કર્યા

વડોદરાઃ સંસ્કારી નગરી વડોદરામાં રસ્તાઓ ધોવાઈ જવા અને ઠેર-ઠેર ભયાનક ભૂવા પડવાની ઘટનાઓ હવે નિત્યક્રમ બની ગઈ છે. શહેરના વોર્ડ નંબર 12 વિસ્તારમાં ભૂવા પડવાનો સિલસિલો સતત યથાવત રહ્યો છે, જેના લીધે સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા છે. તાજેતરમાં જ ખોડીયારનગર વિસ્તારમાં અચાનક મુખ્ય માર્ગ પર જ આશરે 4 ફૂટ ઊંડો અને પહોળો ભયાનક ભૂવો પડી જતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને અકસ્માતનો ભય વ્યાપી ગયો છે. ખોડીયારનગરનો આ મુખ્ય માર્ગ આસપાસના અનેક રહેણાંક વિસ્તારો, વ્યાપારી સંકુલો અને શાળાઓને જોડતો અત્યંત ધમધમતો રસ્તો છે. રોજિંદા ધોરણે અહીંથી હજારો દ્વિચક્રી અને ચારચક્રી વાહનો તેમજ પદયાત્રીઓ પસાર થાય છે. મુખ્ય રસ્તાની બિલકુલ વચ્ચે જ 4 ફૂટ જેટલો ઊંડો ભૂવો પડી જવાથી ખાસ કરીને રાત્રિના સમયે અથવા તો વહેલી સવારે ઝાંખા પ્રકાશમાં મોટો અકસ્માત સર્જાવાની પૂરેપૂરી શક્યતા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, કોઈ અજાણ્યો વાહનચાલક કે સાયકલસવાર આ ભૂવામાં ખાબકે તો ગંભીર ઈજાઓ થવાની કે જાનહાની થવાની ભીતિ સેવાઈ રહી છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા ચોમાસા પૂર્વે કરોડો રૂપિયાના ખર્ચે પ્રી-મોન્સૂન કામગીરી, રોડ સમારકામ અને ભૂગર્ભ ગટર લાઈનોની જાળવણીના મોટા-મોટા દાવાઓ કરવામાં આવ્યા હતા. જોકે, વોર્ડ નં. 12માં અવારનવાર પડતા ભૂવાઓએ પાલિકા તંત્રની નબળી કામગીરી અને ભ્રષ્ટાચારના પોલાણને છતું કરી દીધું છે. સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે, રોડ બનાવવા માટે યોગ્ય ગુણવત્તાનું મટિરિયલ વપરાતું નથી અને ભૂગર્ભમાં ડ્રેનેજ કે પીવાના પાણીની પાઈપલાઈનમાં થતા લીકેજનું યોગ્ય સમયે રિપેરિંગ કરવામાં આવતું નથી. પાણીના સતત રેસાણના કારણે અંદરથી માટી ધોવાઈ જાય છે અને પરિણામે ઉપરોક્ત ભયાનક ભૂવા પડે છે. સ્થાનિક નાગરિકોએ પાલિકાના સ્થાનિક કોર્પોરેટરો અને અધિકારીઓ સામે ભારે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "અમે નિયમિતપણે વેરો ભરીએ છીએ, છતાં અમને પ્રાથમિક સુવિધા સમાન સલામત રસ્તાઓ પણ મળતા નથી. વોર્ડ નં. 12માં અગાઉ પણ અનેક સ્થળે ભૂવા પડ્યા છે. શું પાલિકા તંત્ર કોઈ મોટા અકસ્માતમાં કોઈનો જીવ જશે તેની રાહ જોઈ રહ્યું છે?"

રાહદારીઓ અને વાહનચાલકોની ફરિયાદો બાદ તંત્ર હરકતમાં

શહેરના લાલજીકૂઈ વિસ્તારમાં ટ્રાફિકને નડતરરૂપ દબાણો તંત્ર દ્વારા દૂર કરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં જાહેર માર્ગો પર થતા ગેરકાયદેસર દબાણો સામે લાલ આંખ કરવામાં આવી છે. જે અંતર્ગત શહેરના નાગરવાડા વિસ્તારમાં આવેલા લાલજીકૂઈ ખાતે કોર્પોરેશનની દબાણ નિવારણ શાખાએ આજે અચાનક ત્રાટકીને રસ્તાને અડચણરૂપ બનતા અનેક દબાણો પર બુલડોઝર ફેરવી દીધું હતું. આ આકસ્મિક કાર્યવાહીથી સ્થાનિક દબાણકર્તાઓમાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી. સમગ્ર કામગીરી દરમિયાન ટીમે રસ્તા પરથી બે ટ્રક ભરીને સામાન જપ્ત કર્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર 7 હેઠળ આવતા નાગરવાડાના લાલજીકૂઈ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી વેપારીઓ અને સ્થાનિકો દ્વારા જાહેર માર્ગો તેમજ ફૂટપાથ પર ગેરકાયદેસર રીતે લારી-ગલ્લાં, હંગામી શેડ અને ઓટલા ખડકી દેવામાં આવ્યા હતા. આ દબાણોના કારણે રસ્તો સાંકડો થઈ જતાં દરરોજ ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાતી હતી અને વાહનચાલકો તથા રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ અંગે સ્થાનિક રહીશો અને વાહનચાલકો તરફથી કોર્પોરેશનમાં સતત ફરિયાદો મળી રહી હતી, જેને ધ્યાનમાં રાખીને દબાણ શાખાની ટીમે આજે સપાટો બોલાવ્યો હતો. દબાણ નિવારણ શાખાના કાફલાએ સ્થળ પર પહોંચીને રસ્તા પર નડતરરૂપ બનેલા હંગામી શેડ અને પથારા દૂર કરવાની કામગીરી શરૂ કરી હતી. કાર્યવાહી દરમિયાન રસ્તા પર ગેરકાયદેસર રીતે ઉભા કરવામાં આવેલા બે મોટા શેડ તોડી પાડવામાં આવ્યા હતા તેમજ મકાનો અને દુકાનો બહાર રસ્તા સુધી લંબાવી દેવાયેલા ઓટલાના દબાણો પર પણ હથોડા ચલાવીને તેને જમીનદોસ્ત કરી દેવાયા હતા.

આ ઉપરાંત રસ્તા પર રાખવામાં આવેલો વેપારીઓનો માલસામાન અને લારી-ગલ્લા કબજે કરીને બે ટ્રકો ભરીને સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન કોઈપણ પ્રકારનો વિરોધ કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ન વણસે તે માટે પૂરતી સાવચેતી રાખવામાં આવી હતી.

વડોદરા જિલ્લા વહીવટી તંત્રની સંવેદનશીલ પહેલ

'પાલક માતા-પિતા યોજના' નિરાધાર બાળકોના જીવનમાં ખુશીઓ લાવવાનો નવતર પ્રયાસ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૬ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ કાર્યરત વડોદરા જિલ્લા બાળ કલ્યાણ વિભાગ દ્વારા બાળ સુરક્ષાને લગતી વિવિધ ત્રિમાસિક સમીક્ષા બેઠકોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક દરમિયાન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક અત્યંત સંવેદનશીલ અને માનવતાવાદી પહેલ કરવામાં આવી હતી, જેમાં 'પાલક માતા-પિતા યોજના' અન્વયે પસંદ કરાયેલા ૦૪ જરૂરિયાતમંદ બાળકોના પાલક માતા-પિતાને સત્તાવાર મંજૂરી આદેશોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ યોજના એવા નિરાધાર અને જરૂરિયાતમંદ બાળકો માટે વરદાનરૂપ સાબિત થઈ રહી છે, જેમણે પોતાના માતા-પિતા બંને ગુમાવ્યા હોય અથવા માતા-પિતામાંથી કોઈ એકનું અવસાન થયું હોય અને હયાત વાલીએ પુનઃલગ્ન કર્યા હોય. આવા બાળકોના સર્વાંગી વિકાસ, શિક્ષણ અને યોગ્ય પાલનપોષણ માટે આર્થિક સહાય પૂરી પાડવાના આશયથી આ મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા છે. આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી આનંદ પાટીલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના તથા અન્ય ઉચ્ચ અધિકારીઓના હસ્તે પાલક માતા-પિતાને આદેશો સોંપવામાં આવ્યા હતા. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર બી. એસ. પટેલ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ડી. વી. સાવલિયા, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી બી. પી. ચુડાસમા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અમિત વસાવા તેમજ પ્રોટેક્શન ઓફિસર જીતેન્દ્ર મહેરિયા સહિતના અગ્રણી અધિકારીઓ વિશેષરૂપે હાજર રહ્યા હતા.

યુવાનને ગંભીર ઈજા ન થતાં હાશકારો

દુમાડ પાસે ગાય આડે આવતા બાઈક સ્લીપ યુવાનને ઈજા

૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઇજાગ્રસ્તને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૬ શહેરના આજવા રોડ પર આવેલી હરે કૃષ્ણ ટાઉનશિપમાં રહેતા ૨૬ વર્ષીય અરુણ ગૌતમ કીકોડ ગંભીર અકસ્માતનો ભોગ બનતા માંડ-માંડ બચી ગયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, અરુણભાઈ પોતાની બાઈક લઈને જઈ રહ્યા હતા તે દરમિયાન દુમાડ પાસે આવેલા HP પેટ્રોલ પંપ નજીક અચાનક ગાય વચ્ચે આવી ગઈ હતી. આગળ અચાનક ગાય આવી જતા સર્જાયેલી અફરાતફરીમાં બાઈકનું બેલેન્સ બગડવાથી તે સ્લીપ થઈ ગઈ હતી.

આ અકસ્માતમાં અરુણભાઈને જમણા ગાલ, ખભા, આંખ તેમજ ડાબા પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને જાણ કરવામાં આવી હતી.

૧૦૮ ની ટીમ દ્વારા ઈજાગ્રસ્ત અરુણભાઈને સમયસર વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સયાજી હોસ્પિટલના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હાલ અરુણભાઈની હોસ્પિટલમાં યોગ્ય સારવાર ચાલી રહી છે અને રાહતની વાત એ છે કે તેઓ સંપૂર્ણપણે ભાનમાં છે અને તેમની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. અચાનક બનેલી આ ઘટનાને પગલે પરિવારજનોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું, પરંતુ યુવાનનો આબાદ બચાવ થવાથી સૌએ રાહતનો શ્વાસ લીધો છે.

વુડા દ્વારા પાદરાના વિકાસને વેગ આપવા માટે મોટો નિર્ણય

પાદરાની ટીપી ૩-૪ના ડ્રાફ્ટ નકશા જાહેર, કપાત સાથેનું આયોજન મૂકાયું લોકો સમક્ષ

કારેલીબાગ વુડા કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં જમીનમાલિકોને અપાયો QR કોડ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૬ પાદરા વિસ્તારના સુઆયોજિત નગર વિકાસ માટે વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. આજે વુડાની કારેલીબાગ ખાતેની કચેરી ખાતે પાદરાના ટીપી નંબર ૩ અને ટીપી નંબર ૪ ના સૂચિત ડ્રાફ્ટ તૈયાર કરવા અંગે જમીન માલિકોની એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકાર સાથે પરામર્શ કરી જાહેર ઈરાદો જાહેર કર્યા બાદ યોજાયેલી આ બેઠકમાં મોટી સંખ્યામાં જમીન માલિકો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન વુડા દ્વારા બંને ટીપી સ્કીમના ડ્રાફ્ટ નકશા જાહેર કરવામાં આવ્યા હતા. જમીન માલિકો માટે પ્રક્રિયા વધુ સરળ બને તે હેતુસર વુડા દ્વારા એક વિશેષ QR કોડ પણ લોન્ચ કરવામાં આવ્યો છે. તમામ માલિકો આ QR કોડને પોતાના મોબાઈલથી સ્કેન કરીને પોતાની જમીન અને સ્કીમનો સમગ્ર નકશો ડિજિટલ સ્વરૂપે મેળવી શકશે. વુડા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જાહેર કરાયેલા આ ડ્રાફ્ટ નકશા અંગે જો જમીન માલિકો કે નાગરિકોને કોઈ પણ પ્રકારના વાંધા કે સૂચનો હોય, તો તેઓ આગામી એક મહિનાની અંદર લેખિતમાં રજૂ કરી શકશે. નાગરિકો દ્વારા રજૂ કરવામાં આવેલા વાંધા અને સૂચનોની ચકાસણી કરી, જે યોગ્ય જણાશે તે મુજબ વુડા દ્વારા ડ્રાફ્ટમાં યોગ્ય સુધારા-વધારા કરવામાં આવશે. નગર રચના યોજના અંતર્ગત જમીનમાંથી નિયમાનુસાર ૪૦ ટકા કપાત કરવામાં આવી છે. આ કપાત અંગે વુડાએ જણાવ્યું છે કે આ જગ્યાઓનો ઉપયોગ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે જ કરવામાં આવશે. જેમાં મુખ્યત્વે જાહેર રોડ-રસ્તાઓનું નિર્માણ, ગાર્ડન અને બગીચાઓ માટેની જગ્યા, આર્થિક રીતે નબળા વર્ગ (ગરીબ લોકો) માટે આવાસ યોજનાઓ, વાહન પાર્કિંગ વ્યવસ્થા તેમજ કોમ્યુનિટી હોલ તથા અન્ય જાહેર સુવિધાઓનો સમાવેશ થાય છે. આધુનિક આયોજન અને સચોટ પ્લાનિંગ સાથે જાહેર કરાયેલા આ ડ્રાફ્ટ નકશાઓથી પાદરા વિસ્તારનો વિકાસ વધુ વેગવાન બનશે અને ભવિષ્યમાં નાગરિકોને ઉત્તમ માળખાકીય સુવિધાઓ પ્રાપ્ત થશે.

ડૉક્ટર સહિત હવે 10 આરોપીઓ પોલીસ જાળમાં

નવજાત બાળકની માનવ તસ્કરી કેસમાં વધુ એક આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.6 વડોદરામાં 8 દિવસના નવજાત બાળકની માનવ તસ્કરીના ચકચારી કેસમાં ક્રાઈમ બ્રાંચ અને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ ને વધુ એક મહત્વની સફળતા મળી છે. મહારાષ્ટ્રના અંબરનાથથી વ્યવસાયે ડૉક્ટર એવા આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

આ કેસમાં અત્યાર સુધી 10 આરોપીઓ ઝડપાઈ ચૂક્યા છે, જ્યારે સમગ્ર રેકેટના અન્ય તાર શોધવા પોલીસ દ્વારા તપાસ વધુ તેજ કરવામાં આવી છે. મુંબઈ ખાતે બાળક વેચવાના ક્રાઈમ બ્રાંચ અને AHTUની ટીમે ટેકનિકલ સર્વેલન્સ તથા હ્યુમન સોર્સીસના આધારે વોન્ટેડ આરોપી સચીનદેવ મહાવીર નાગનાથ લોખંડે (રહે. અંબરનાથ, જી. થાણે, મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યો હતો. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે આરોપી વ્યવસાયે ડૉક્ટર છે અને અગાઉ ઝડપાયેલા આરોપીઓ પાસેથી મુંબઈમાં નવજાત બાળકનો કબજો મેળવી તેને આગળ અન્ય એજન્ટ સુધી પહોંચાડવાની જવાબદારી નિભાવતો હતો. આરોપીની ધરપકડ બાદ A.H.T.U.ના તપાસ અધિકારીએ તેને કોર્ટમાં રજૂ કર્યો હતો, જ્યાં નામદાર કોર્ટે 6 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે. નવજાત બાળકની માનવ તસ્કરી સાથે સંકળાયેલા સમગ્ર નેટવર્કના અન્ય સભ્યો અને તેમની ભૂમિકાની તપાસ હજુ પણ ચાલુ છે. અત્યાર સુધી આ કેસમાં 10 આરોપીઓ ઝડપાઈ ચૂક્યા હોવાથી માનવ તસ્કરીના આ સંગઠિત રેકેટના વધુ ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

SEPCને SAIL તરફથી 854.57 કરોડનો ઓર્ડર

ચેન્નઈ : એસઈપીસી લિમિટેડને સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડ (SAIL)ના IISCO સ્ટીલ પ્લાન્ટ, બર્નપુર તરફથી 854.57 કરોડનો મહત્વપૂર્ણ ઓર્ડર મળ્યો છે. આ ઓર્ડર હેઠળ કંપની પેલેટ પ્લાન્ટ પેકેજ-2 માટે સિવિલ અને સ્ટ્રક્ચરલ વર્ક્સ સહિત બેલેન્સ ઓફ પ્લાન્ટ (BOP)નું કામ હાથ ધરશે, જે SAILના 4.08 એમટીપીએ ફ્લૂડ સ્ટીલ વિસ્તરણ પ્રોજેક્ટનો ભાગ છે. પ્રોજેક્ટ 32 મહિનામાં પૂર્ણ કરવાનો રહેશે. આ ઓર્ડર સાથે ઈન્ડસ્ટ્રિયલ ઈપીસી ક્ષેત્રમાં SEPCની સ્થિતિ વધુ મજબૂત બની છે. કંપનીએ વર્ષોથી ઈન્ડસ્ટ્રિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વોટર અને વેસ્ટવોટર મેનેજમેન્ટ, રોડ અને માઈનિંગ જેવા ક્ષેત્રોમાં અનેક પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે. કંપની હવે ગ્રાહક સંબંધોના આધારે નવા પ્રોજેક્ટ્સ મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. SEPCના મેનેજિંગ ડિરેક્ટર વેંકટરમણી જયગણેશે જણાવ્યું કે SAIL તરફથી મળેલો આ ઓર્ડર કંપનીની એન્જિનિયરિંગ ક્ષમતા અને વિશ્વસનીયતાનું પ્રતિબિંબ છે.

મકરપુરા પોલીસ સ્ટેશન સામે અકસ્માત સર્જતા પોલીસ દોડતી થઈ

નશામાં ધૂત ચાલકે કાર ડિવાઈડર પર ચડાવી અનેક વાહનોને અડફેટે લીધા

(પ્રતિનિધિ) વડોદરા તા.6 વડોદરામાં દારૂના નશામાં વાહન ચલાવવાની વધુ એક ગંભીર ઘટના સામે આવી છે. મકરપુરા પોલીસ સ્ટેશન સામે મુખ્ય માર્ગ પર અર્ટીગા કારના ચાલકે નશાની હાલતમાં વાહન પરથી કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર પર ચડી ગઈ હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ અકસ્માત પહેલાં કેટલાક ટુ-વ્હીલર વાહનોને પણ ટક્કર મારવામાં આવી હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ પોલીસે કાર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ અને મોટર વ્હીકલ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. વડોદરા શહેરના મકરપુરા પોલીસ સ્ટેશન સામે આવેલા મુખ્ય માર્ગ પર ગઈ રાત્રે એક સફેદ રંગની અર્ટીગા કારનો અકસ્માત સર્જાયો હતો. પ્રાથમિક તપાસ મુજબ કાર ચાલક દારૂના નશામાં હોવાથી વાહન પરનો કાબૂ ગુમાવી બેઠો હતો અને કાર સીધી રસ્તા વચ્ચે આવેલા ડિવાઈડર પર ચડી ગઈ હતી. અકસ્માત પહેલાં કારે કેટલાક ટુ-વ્હીલર વાહનોને અડફેટે લીધા હોવાની ચર્ચા પણ સ્થાનિકોમાં ચાલી રહી છે, જોકે આ અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે. અકસ્માત બાદ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને 108 ઈમરજન્સી સેવાને જાણ કરવામાં આવી હતી. ઈજાગ્રસ્ત કાર ચાલકને સારવાર માટે શ્રેયસ ત્રણ રસ્તા નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં માંજલપુર પોલીસનો કાફલો હોસ્પિટલ તેમજ અકસ્માત સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં કાર ચાલકની ઓળખ અલ્પેશભાઈ ત્રીકમભાઈ પટેલ (ઉંમર 44 રહે. રાધાકૃષ્ણ ટેનામેન્ટ, વડસર, વડોદરા મૂળ વતન દામાપુરા, તા. શિનોર) તરીકે થઈ હતી. હોસ્પિટલમાં કરાયેલી તપાસ દરમિયાન તે દારૂના નશામાં હોવાનું સામે આવતાં માંજલપુર પોલીસે તેની વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ તેમજ મોટર વ્હીકલ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

'હું છું ગુજરાતી'ના સ્વરમાં ઝળહળી ઊઠ્યું ગુજરાતી અસ્મિતાનું ગૌરવ

વડોદરામાં ભાજપ પ્રદેશ અધ્યક્ષની ઉપસ્થિતિ

(પ્રતિનિધિ) વડોદરા તા.6 કલાનગરી વડોદરામાં કલાનુભૂતિ સંસ્થા દ્વારા આયોજિત 'હું છું ગુજરાતી' કાર્યક્રમમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા તથા પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન તેમણે પરમ પૂજ્ય જગદીશાનંદજી (રંગબાળ) ના સ્વકંઠે રજૂ થયેલા ભજન અને સંતવાણીનો રસાસ્વાદ લીધો અને ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાને નજીકથી અનુભવી.

કાર્યક્રમમાં ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને સંતવાણીના વારસાને ઉજાગર કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતાને જાળવી રાખવા આવા કાર્યક્રમો મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું.

આ પ્રસંગે રાજ્ય સરકારના મુખ્ય દંડક બાલકૃષ્ણભાઈ શુક્લ, મહાનગર ભાજપ અધ્યક્ષ ડૉ. જયપ્રકાશભાઈ સોની, મેયર ગીતાબેન મકવાણા, ધારાસભ્યશ્રીઓ, ભાજપના આગેવાનો, હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં કલાપ્રેમી નગરજનો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં ભજન અને સંતવાણીના દિવ્ય સ્વરોથી સમગ્ર વાતાવરણ ભક્તિમય અને સાંસ્કૃતિક રંગે રંગાઈ ગયું.

સાત સોસાયટીના રહીશો કલેક્ટર કચેરી રજૂઆત કરવા પહોંચ્યા

ગોરવા-કરોડિયા રોડ પર નવી રહેણાક યોજના સામે સ્થાનિકોનો વિરોધનો વંટોળ

અશાંતધારાના ભંગથી વસ્તી વિષયક સંતુલન અને સામાજિક સોહાદ જોખમાવવાનો સ્થાનિકોનો ગંભીર આક્ષેપ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૬ શહેરના ગોરવા-કરોડિયા રોડ વિસ્તારમાં અશાંત ધારાના કાયદાના કથિત ઉલ્લંઘનનો ગંભીર મામલો સામે આવ્યો છે. આ વિસ્તારમાં આવેલી નિપા ટેનામેન્ટની સામે અને નીલેશનગર સોસાયટીને અડીને આવેલી જમીન પર એક નવી રહેણાક યોજના પ્રસ્થાપિત કરવામાં આવી છે, જેને લઈને સ્થાનિક રહીશોમાં ભારે રોષ અને ચિંતા પ્રવર્તી રહી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ સમગ્ર વિસ્તાર 'ગુજરાત અશાંત ધારા' હેઠળ આવે છે. કાયદાની સ્પષ્ટ જોગવાઈઓ મુજબ આ વિસ્તાર અત્યંત સંવેદનશીલ હોવાથી જિલ્લા કલેક્ટરની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના કોઈપણ મિલકતનું ખરીદ-વેચાણ કે હસ્તાંતરણ કરી શકાતું નથી. પરંતુ પ્રસ્થાપિત યોજનાને લઈને આ નિયમોના પાલન સામે સવાલો ઉભા થયા છે. સોસાયટીના અગ્રણીઓ અને સભ્યોએ ભય વ્યક્ત કર્યો છે કે જો આ કાયદાનું ઉલ્લંઘન થશે અને મંજૂરી વગર વ્યવહારો આગળ વધશે, તો તેનાથી વિસ્તારના વસ્તી વિષયક સંતુલન પર સીધી અસર પડશે. આ સાથે જ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ સામાજિક સોહાદ અને ભાઈચારો પણ જોખમાવવાની પૂરી સંભાવના છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ગોરવા-કરોડિયા રોડ વિસ્તારની આસપાસની ૭ સોસાયટીઓના સભ્યો અને રહીશો એકત્રિત થઈને વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે આવેદનપત્ર આપીને આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અને કાયદાકીય નિયમોનું કડક પાલન કરાવવા માટે ઉગ્ર રજૂઆત કરી હતી.

સાપને જંગલ વિસ્તારમાં છોડી મૂકવામાં આવ્યો

સિંકદરપુરા પાસે મેદાનમાં ઝેરીકોબ્રા જોવાતા દોડધામ

(પ્રતિનિધિ) વડોદરા, તા.6 વડોદરા શહેર નજીક આવેલા સિકંદરપુરા ગામ સામેના ખુલ્લા મેદાનમાં અચાનક 5 ફૂટ લાંબો ઝેરી કોબ્રા દેખાતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ખુલ્લા મેદાનમાં રહેતા પરિવારો અને ત્યાં રમતા બાળકોએ સાપને જોઈને બૂમાબૂમ શરૂ કરી દીધી હતી. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકત્રિત થઈ ગયા હતા. ઝેરી કોબ્રાને જોઈને લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે તાત્કાલિક સાવચેતીના પગલા લેવામાં આવ્યા હતા. ઘટનાની તાત્કાલિક જાણ ગુજરાત પ્રાણી ક્રૂરતા નિવારણ સંસ્થાને કરવામાં આવી હતી. ફોન મળતા જ સંસ્થાના અનુભવી વોલેન્ટિયર યશ પટેલ તાત્કાલિક ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. યશ પટેલે સ્થાનિકોની મદદથી વિસ્તારને ખાલી કરાવીને ભારે જહેમત બાદ કોબ્રાને સુરક્ષિત રીતે પકડ્યો હતો. કોઈને ઈજા પહોંચાડ્યા વિના સાપને ખાસ બોક્સમાં રાખવામાં આવ્યો હતો. રેસ્ક્યુ બાદ કોબ્રાને માનવ વસ્તીથી દૂર જંગલ વિસ્તારમાં સુરક્ષિત રીતે છોડી દેવામાં આવ્યો હતો. ઝેરી કોબ્રા પકડાઈ જતા સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો. ગુજરાત પ્રાણી ક્રૂરતા નિવારણ સંસ્થાની ટીમ અને વોલેન્ટિયર યશ પટેલની સમયસરની કામગીરીને બિરદાવી હતી. આવો કોઈ સાપ દેખાય તો તેને મારવાને બદલે તાત્કાલિક રેસ્ક્યુ ટીમને જાણ કરવી જોઈએ.

૧૦૮ ગ્રામ હાઇબ્રિડ ગાંજો તેમજ કાર સહિત રૂ. ૯.૦૮ લાખનો મુદ્દામાલ જપ્ત

અકોટા ગાર્ડન પાસેથી રૂ. ૩.૭૮ લાખના હાઈબ્રીડ ગાંજા સાથે કેરીયર ઝડપાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૬ વડોદરા શહેરમાં નશીલા પદાર્થોના કાળા કારોબાર સામે અકોટા પોલીસે વધુ એક મોટી સફળતા મેળવી છે. અકોટા ગાર્ડન નજીક બાતમીના આધારે ગોઠવાયેલા ટ્રેપમાં પોલીસે એક યુવકને 108 ગ્રામ હાઈબ્રીડ ગાંજા સાથે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી લાખો રૂપિયાનો હાઈબ્રીડ ગાંજો, બે મોંઘા આઈફોન, બલેનો કાર અને રોકડ મળી રૂ. 9.08 લાખનો મુદ્દામાલ જપ્ત કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિંહ કોમારની સુચના હેઠળ શહેરમાં નશીલા પદાર્થોના ખરીદ-વેચાણ અને હેરાફેરી સામે સતત કડક કાર્યવાહી ચાલી રહી છે. તે જ અભિયાનના ભાગરૂપે અકોટા પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.વી. બલદાણિયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે રૂષભ સુનિલકુમાર શાહ નામનો વ્યક્તિ અકોટા ગાર્ડન નજીક હાઈબ્રીડ ગાંજો લઈને આવવાનો છે. બાતમીના આધારે પોલીસે પંચોની હાજરીમાં સ્થળ પર વોચ ગોઠવી રેડ કરી હતી. ત્યાં બલેનો કાર સાથે ઉભેલા શંકાસ્પદ યુવકની તપાસ કરતાં તેની પાસેથી 108 ગ્રામ હાઈબ્રીડ ગાંજો મળી આવ્યો હતો. રૂષભ સુનિલકુમાર શાહ પાસેથી રૂ. 3.78 લાખ કિંમતનો હાઈબ્રીડ ગાંજો, રૂ. 140 રોકડા, આઈફોન-12 પ્રો, આઈફોન-16 તેમજ રૂ. 5 લાખ કિંમતની બલેનો કાર સહિત રૂ. 9.08 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે હાઈબ્રીડ ગાંજો ક્યાંથી લાવવામાં આવ્યો હતો, તેની પાછળનું નેટવર્ક શું છે અને આ જથ્થો કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે.